# તાપી જિલ્લામાં "સૂર્ય ગુજરાત" સોલાર રૂફટોપ યોજના

## માનનીય ધારાસભ્યશ્રી – ડો. જયરામભાઈ ગામીત – નિઝર

### (૧) ઘર વપરાશના વીજ ગ્રાહકો માટેની 'સૂર્ય–ગુજરાત' યોજના શું છે?

જવાબ

- રાજ્યના રહેણાંક શ્રેણીના વીજગ્રાહકો પોતાના ઘરની છત પર સોલાર પેનલ લગાડી, તેના દ્વારા સૂર્ય ઉર્જા ઉત્પન્ન કરી તેના વપરાશ થકી વીજ બીલ ઘટાડી શકે અને સ્વવપરાશ ઉપરાંતની વધારાની વીજળી વીજકંપનીને વેચી આવક પણ મેળવી શકે તેવા ઉમદા હેતુથી, રહેણાંક શ્રેણીના વીજગ્રાહકો માટે સોલાર રૂફ ટોપ સબસીડી યોજના'સૂર્ય–ગુજરાત' નામથી રાજ્ય સરકારે જાહેર કરેલ છે. ગુજરાત સરકારે આ "સૂર્યગુજરાત" યોજના ઓગસ્ટ-૨૦૧૯થી શરુ કરેલ છે. આ યોજનામાં રહેણાંક શ્રેણીના વીજગ્રાહકો માટે સબસીડીની જોગવાઈ છે. આ યોજના અંતર્ગત રહેણાંક શ્રેણીના વીજગ્રાહકો દ્વારા વીજળીના સ્વ-વપરાશ બાદ ગ્રીડમાં આપેલ વધારાની વીજળી વીજ કંપની દ્વારા ખરીદવામાં આવે છે. સોલાર રૂફટોપ લગાડવામાં ગુજરાત સમગ્ર દેશમાં પ્રથમ સ્થાને છે.
- સમગ્ર દેશની રહેણાંક શ્રેણીની કુલ રૂફટોપ ક્ષમતા ૨૪૭૩ મેગાવોટ છે. જે પૈકી ૨૦૨૫ મેગાવોટ ગુજરાતની છે. જે ૮૨% જેટલી છે.

સમગ્ર દેશની તમામ શ્રેણીની કુલ રૂફટોપ ક્ષમતા ૧૦૬૮૧ મેગાવોટ છે. જે પૈકી ૩૨૬૫ મેગાવોટ ગુજરાતની છે. જે 30 % જેટલી છે.

- અત્યાર સુધીમાં રાજ્યમાં રહેણાંક હેતુના વીજ ગ્રાહકો માટેની સોલર રૂફ્ટોપ યોજના "સૂર્યગુજરાત" હેઠળ કુલ ૫,૧૦,૬૮૫ વીજગ્રાહકોએ સોલાર સિસ્ટમ લગાવી, અને વીજ ગ્રાહકોને કુલ રૂ. ૩૦૮૩.૧૫ કરોડ સબસીડી આપવામાં આવી. રાજ્યમાં સોલર સિસ્ટમ લગાવનાર વીજ ગ્રાહકોને સૌર ઊર્જાના ઉત્પાદન અને તેના સ્વ-વપરાશથી વીજ બીલમાં રૂ.૨૫૦૦ કરોડ વધુની બચત થઈ છે અને સ્વ-વપરાશ ઉપરાંતની સૌર ઊર્જાના વેચાણથી રૂ.300 કરોડથી વધુ આવક થઈ.

- તાજેતરમાં સૂર્યવંશી ભગવાન શ્રી રામ અયોધ્યાધામ ખાતે નિજ મંદિરમાં સ્થાપિત થયા તે અવસરે માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી સાહેબ  દ્વારા પ્રધાનમંત્રી સૂર્ય ઘર અંતર્ગત ૧ કરોડ ઘરોને સૌર ઊર્જાથી પ્રકાશિત કરવાનું લક્ષ્ય નિર્ધારિત કરેલ છે.

- હાલમાં કેન્દ્ર સરકાર દ્વારા રહેણાક હેતુના વીજ ગ્રાહકો માટે સોલાર રૂફટોપ સિસ્ટમ લગાવવા માટેની આ યોજનામાં મળતી સબસીડી...
  - ✓ રૂ. 18000/-ની સબસીડી પ્રતિ કીલોવોટ (1 થી 3 કી.વો. સુધી)
  - ✓ રૂ. 9000/-ની સબસીડી પ્રતિ કીલોવોટ (3 થી 10 કી.વો. સુધી)

- ✓ ગ્રૂપહાઊસિંગ સોસાયટી (GHS) / રેસિડેન્સિયલ વેલ્ફેર એસોસિએશન(RWA)ની સોસાયટીનાં મઝિયારી (કોમન) સુવિધાઓના વીજ જોડણો માટે સોલાર રૂફટોપ પ્લાન્ટ સ્થાપિત કરવા રૂ. 9000/-ની સબસિડી પ્રતિ કી.વો. (૫૦૦ કી.વો. સુધી)
- ✓ જેમાં તા.૧૩.૦૨.૨૦૨૪ના રોજ માનનીય પ્રધાન મંત્રીશ્રી દ્વારા જાહેર કર્યા મુજબ કેન્દ્ર સરકાર દ્વારા રહેણાક હેતુના વીજ ગ્રાહકો માટે સોલાર રૂફટોપ સિસ્ટમ લગાવવા માટેની આ યોજનામાં મળતી સબસીડીમાં સુધારો કરેલ છે.

✓ રૂ. 30000/- ની સબસિડી પ્રતિ કીલોવોટ (1 થી 2 કી.વો. સુધી)

તથા

✓ રૂ. 18000/- ની સબસિડી પ્રતિ કીલોવોટ (2 થી વધુ 3 કી.વો. સુધી)

✓ રૂ. 78000 ની મર્યાદામાં 3 કિલોવોટથી વધુની સિસ્ટમ માટે

- ✓ આ યોજનાનો ઉદ્દેશ ₹75,000 કરોડથી વધુ રોકાણ થકી 300 યુનિટ સુધી મફત વીજળી પૂરી પાડીને એક કરોડ પરિવારોને પ્રકાશ આપવાનો છે.

- ✓ જે માટે રાજ્ય સરકાર, પ્રધાનમંત્રીશ્રી તથા કેન્દ્ર સરકારનો આભાર માને છે અને ગુજરાત સરકાર દ્વારા પણ આ યોજનામાં અગ્રેસર રહી, લોકોને આ યોજનાનો મહતમ લાભ મળે તેવા પ્રયત્નો કરવામાં આવશે.

# માનનીય ધારાસભ્યશ્રી – મોહનભાઇ ઢોડિયા – મહુવા

**(૨) ઘરવપરાશના વીજ ગ્રાહકો માટેની 'સૂર્ય –ગુજરાત' યોજના હેઠળ વીજ ગ્રાહકને વીજ બીલમાં બચત કઈ રીતે થાય છે ? અને આવક કઈ રીતે થાય છે?**

## જવાબ

- **વીજ બીલમાં બચત**
  - ✓ આ યોજના અંતર્ગત સોલર સિસ્ટમ દ્વારા ઉત્પન્ન થતા યુનિટને બીલીંગ સાઈકલના અંતે સ્વ-વપરાશ થયેલ યુનિટની સામે સરભર કરવામાં આવે છે એટલે કે તે યુનિટનું વીજ ગ્રાહકે બીલ ભરપાઈ કરવાનું રહેતું નથી.
  - ✓ પરંતુ જો ગ્રાહક દ્વારા બીલીંગ સાઈકલ અંતે સ્વ-વપરાશના યુનિટ સોલાર સિસ્ટમ દ્વારા જનરેટ થયેલ યુનિટ કરતા વધુ હશે સૌ પ્રથમ જનરેટ થયેલ યુનિટને વપરાશ થયેલ યુનિટ સામે સરભર કરવામાં આવશે અને તે પછી તફાવતના યુનિટનું જ બીલ ગ્રાહકે ભરપાઈ કરવાનું રહે છે.
  - ✓ આમ ગ્રાહકે બીલ ભરપાઈ કરવાનું રહેતું નથી અથવા તો વીજ બીલમાં ભારે ઘટાડો થાય છે.

- **સૌર ઊર્જાના વેચાણથી આવક**
  - ✓ ગ્રાહક દ્વારા બીલીંગ સાઈકલ અંતે સ્વ-વપરાશ બાદના ગ્રીડમાં મોકલવામાં આવેલ યુનિટને વીજવિતરણ કંપની દ્વારા રૂા. ૨.૨૫ પ્રતિ યુનિટના દરે ખરીદવામાં આવે છે અને ગ્રાહકને **સૌર ઊર્જાના વેચાણથી આવક થાય છે. પરંતુ ગ્રાહક રાત્રે વીજ વપરાશ કરે છે ત્યારે વીજ કંપનીએ સરેરાશ રૂ. ૭ થી વધુના ભાવે વીજ ખરીદી કરી પૂરી પાડવામાં આવે છે.**
- આમ આ યોજના હેઠળ ગ્રાહકને વીજ બીલમાં બચતની સાથે સાથે **સૌર ઊર્જાના વેચાણથી આવક પણ થાય છે.**

## માનનીય ધારાસભ્યશ્રી – મોહનભાઇ કોંકણી – વ્યારા

**(3) તા. ૩૧.૧૨.૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રહેણાંક હેતુના વીજ ગ્રાહકો માટેની સોલર રૂફટોપ યોજના "સૂર્ય ગુજરાત" હેઠળ તાપી જિલ્લામાં સોલર સિસ્ટમ લગાવનાર વીજ ગ્રાહકોને સૌર ઊર્જાના ઉત્પાદન અને તેના સ્વ-વપરાશથી વીજ બીલમાં શું બચત થઈ અને વીજ ગ્રાહકોને સ્વ-વપરાશ ઉપરાંતની સૌર ઊર્જાના વેચાણથી શું આવક થઈ?**

### જવાબ

૩૧.૧૨.૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રહેણાંક હેતુના વીજ ગ્રાહકો માટેની સોલરરૂફટોપ યોજના "સૂર્ય ગુજરાત" હેઠળ તાપી જિલ્લામાં સોલર સિસ્ટમ લગાવનાર વીજ ગ્રાહકોને સૌર ઊર્જાના ઉત્પાદન અને તેના સ્વ-વપરાશથી વીજ બીલમાં રૂ. ૬ કરોડની બચત થઈ અને વીજ ગ્રાહકોને સ્વ-વપરાશ ઉપરાંતની સૌર ઊર્જાના વેચાણથી રૂ. ૯૫ લાખની આવક થઈ.